# બાયડ તાલુકા પંચાયત મિશન મંગલમ યોજનામાં મહિલાઓના શોષણની ફરીયાદનું ઉબાળીયું

**તાલુકા પંચાયતમાં બહાના હેઠળ મહિલાઓને બોલાવી ચાર-ચાર કલાક બેસાડી રાખવાના આરોપ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકા પંચાયત મિશન મંગલમ યોજનામાં બેંક સખી તરીકે બેંકમાં મહિલાઓને સરળતાથી કામગીરી થાય તે માટે નિમણુંક કરવામાં આવી છે. જેમને બેંક સિવાય પણ તાલુકા પંચાયતમાં રોજેરોજ કોઈને કોઈ બહાના અને કામગીરી બાકી છે તેવા ફોનને મેસેજ કરીનુ ઓફિસ બોલાવી માત્ર ૧૦-૨૦ મિનિટનું કામ હોય તો પણ ચાર-ચાર કલાક બેસાડી રાખવામાં આવે છે. અગાઉ યોજનાના કર્મચારીએ મહિલાનું શોષણ કર્યાની ફરીયાદ કરી હતી પરંતુ ફરીયાદનું પાછલા બારણે ઉબાળીયું કરી દીધાની લોકચર્ચા છેડાઈ છે.

બાયડ તાલુકા પંચાયત કચેરીમાં મહિલા કર્મચારીઓ સલામત છે ખરી ? તેવા સવાલ છેલ્લા ૮ મહિનાથી થઈ રહ્યા છે. ભ્રષ્ટાચારની ગંગોત્રી બની ચુકેલી બાયડ તાલુકા પંચાયત કચેરીમાં ગંદકીની સાથે સોશિયલ ડિસ્ટન્સના લીરેલીરા ઉડી રહ્યા છે. કેટલાંક કર્મચારીઓ દારૂ ઢીંચીને કામગીરી કરતા હોવાના આક્ષેપ સાથે જે-તે સમયે તપાસ પણ કરવામાં આવી હતી. ત્યારે થોડાંક સમય અગાઉ મહિલા કર્મચારીના જાતીય શોષણની ફરીયાદ ઉઠ્યા પછી તપાસના નામે ગતકડું ઉભું કરવામાં આવ્યું હતું. પરંતુ આ પ્રકરણમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની કામગીરી છેલ્લા ૪ મહિનાથી શંકાના દાયરામાં આવી ગઈ છે. પૈસા આપીને ગમે તેવી તપાસની ફાઈલો દબાવી દેવામાં આવી છે. જેથી સખી મંડળની એક મહિલા કાર્યકરે બાયડ તાલુકા પંચાયતના મિશન મંગલમ યોજનામાં ચાલતાં કૌભાંડ અને મહિલાઓના શોષણની સનસનીખેજ વિગતો સાથેની ફરીયાદ મુખ્યમંત્રી કાર્યલયે મોકલતાં હડકંપ મચ્યો છે. જ્યારે બાયડ તાલુકામાં ચાલતા તમામ વી.ઓ.માં આપવામાં આવેલ સી.આઈ.એફ.નો દુરઉપયોગ અને ટી.એલ.એમ. બેંક સખી અને પ્રમુખ મંત્રી અને ખજાનચીની મીલી ભગતથી ચાલતા ઉઠામણાની તપાસ થાય તો બાયડ તાલુકા પંચાયત મિશન મંગલમ યોજનાનું મોટું કૌભાંડ બહાર આવી શકે છે.

# શું તમે મોડીફાઈ બુલેટ ચલાવો છો? પોલીસે ૫ થી વધુ બૂલેટ જપ્ત કર્યા

**બુલેટરાજાઓની 'શાન' લાવી ઠેકાણે,ટ્રાફિક પોલીસનો સપાટો**

મોડાસા, તા. ૧૨



અરવલ્લી જીલ્લામાં મોડાસા શહેર સહીત જીલ્લામાં મોડીફાઈડ બુલેટ ચલાવતા બુલેટરાજાઓ પર તવાઈ બોલાવવાની શરૂ કરી છે બુલેટને મોડીફાઈ કરી અને તેના સાઈલેન્સરને પણ મોડીફાઈડ કરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બુલેટરાજાઓની શાન ઠેકાણે લાવવા પોલીસે વિશેષ અભીયાન હાથધરી ૫ થી વધુ બુલેટ ડિટેઈન કરી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરી હતી.અને ધ્વનિ પ્રદૂષણ સહિત અન્ય નિયમનો ભંગ કરવા બદલ તેમની પાસેથી દંડ વસૂલવા માટે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. છેલ્લા કેટલાક સમયથી યુવાવર્ગમાં બુલેટનો ક્રેઝ વધી રહ્યો છે. અને બુલેટ મોડીફાઈ કરી અને તેના સાઈલેન્સરને પણ પણ મોડીફાઈ કરી અને જાહેર રસ્તા ઉપર પૂર ઝડપે બુલેટ ચલાવી અને લોકોનું ધ્યાન આકર્ષિત કરવાનું એક ખોટું ચલણ ચાલી રહ્યું છે.વાહનવ્યવહાર મંત્રીએ બુલેટ પર રોફ જમાવતાં યુવકોની હરકતો અંગે સરકારનું ગંભીર ધ્યાન દોર્યું હતું. ત્યારબાદ સરકાર એક્શનમાં આવી ગઈ હતી અને તંત્રને આવા યુવકો વિરુદ્ધ કાર્યવાહી કરવા તંત્રને આદેશ આપ્યા હતા. અરવલ્લી પોલીસે ૫ થી વધુ બુલેટ ડિટેઈન કર્યા હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. મોડાસા શહેર સહીત જીલ્લાભરના માર્ગો પર ધૂમ સ્ટાઈલ બુલેટ હંકારી આજકાલ બુલેટ લઈને પોતાની જાતિગત ઈમેજ ઉભી કરવાનો પ્રયાસ કરતા અન્ય લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય તેવા મલીન ઈરાદાથી ફૂલ સ્પીડમાં નીકળતા દ્રશ્યો જોવા મળવા સામાન્ય બની રહ્યા છે.

**મોડીફાય બુલેટના અવાજ નિષ્ણાત તબીબો, અને શહેરીજનો શું કહે છે**

મોડીફાય બુલેટના અવાજ અંગે નિષ્ણાત તબીબોએ જણાવ્યું હતું કે બુલેટના સાઈલેન્સરનો અવાજ એટલો વિસ્ફોટક અને ભયાનક હોય છે કે નાના બાળકોના કાનને કાયમી બહેરાશ આવવાનો ભય રહે છે. એટલું જ નહીં આજુબાજુમાં વાહન ચલાવતી વ્યક્તિનું પણ ધ્યાન ડ્રાઈવિંગથી હટીને અકસ્માત થવાની દહેશત રહે છે. આથી આ પ્રકારના બુલેટ ઉપર થતાં અવાજના ન્યુસન્સને બંધ કરાવવા તેમજ આવા બુલેટ લઈને નીકળતી વ્યક્તિઓ સામે ફોજદારી તેમજ દંડનીય કામગીરી કરવામાં આવેની જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે

# શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ માટે સાબરકાંઠા જિલ્લાના કિન્નરે રૂ.૧,૧૧,૧૧૧નો ચેક અર્પણ કર્યો

**કિન્નરના વતન મહાદેવપુરા(ભાથીખત્રી)માં શોભાયાત્રા નીકળી...**

ગાંભોઈ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના મહાદેવપુરા (ભાથીખત્રી)ના વતની કિન્નર પાવૈયા ચેતનાદે સજ્જનદે અને તેના સહયોગી સોનલદે અને પ્રિતીદે તરફથી અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણની સેવામાં એકલાખ અગીયાર હજાર એકસો એક રૂપિયાનો ચેક વિશ્વ હિન્દુ પરિષદ અને આર.એસ.એસ.ના કાર્યકર્તાની ઉપસ્થિતમાં નિધિ સમર્પણ કરતા પાવૈયા ચેતનાદે ની વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે કિન્નર પાવૈયા ચેતના દે સજ્જન દે એ જણાવ્યું કે અયોધ્યામાં નિર્માણ થઈ રહેલ શ્રીરામ જન્મભૂમિ મંદિર દેશની એકતા અને શ્રધ્ધાનું મહાકેન્દ્ર બની રહેશે. દેશના સર્વધર્મ સમાજે અને પ્રજાજનોએ મંદિરના નિધિ સમર્પણમાં સહયોગ આપી લાભ લેવો જોઈએ એમ જણાવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા બજરંગ દલ સંયોજક નરેન્દ્રસિંહ સોલંકી, જિલ્લા બજરંગ દળ સહ સંયોજક દિપેશભાઈ પટેલ, VHP ઉત્તર ગુજરાત પ્રાંત સહમંત્રી નલિનભાઈ પટેલ, VHP સંગઠન મંત્રી રાજેશભાઈ પટેલ અને રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના ગાંભોઈ તાલુકા કાર્યવાહ રાજેશભાઈ પંચાલ, નરેન્દ્રસિંહ પરમાર, ઉમંગભાઈ સુખડીયા, રાજેશભાઈ પટેલ, વસંતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી આ કિન્નર સમાજ દ્વારા કરેલ સહયોગને સૌ જનતા માટે પ્રેરણાદાયી ગણી આવકર્યો હતો.




# જિલ્લામાં વેલેન્ટાઈન-ડેની ઉજવણી માટે યુવા હૈયાઓમાં થનગનાટ

**બજારોમાં કાર્ડ, ગીફ્ટ ખરીદવા યુવક-યુવતીઓનો ધસારો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

પ્રેમની અભિવ્યક્તિ વ્યક્ત કરવાનો દિવસ એટલે વેલેન્ટાઈન-ડે તા.૧૪ ફેબ્રુઆરીએ સમગ્ર વિશ્વમાં વેલેન્ટાઈન-ડે ની યુવા હૈયાઓ ભારે ઉમળકાથી ઉજવણી કરતા હોય છે. વેલેન્ટાઈન-ડે ભલે પ્રેમની સ્વીકૃતિ કે અભિવ્યક્તિ માટે હોય પરંતુ તેમાં વિકૃતિ વણાઈ ગઈ છે અને વેલેન્ટાઈન-ડે ની ઉજવણી કેટલાક સ્વાર્થી પ્રેમીઓ માટે માત્ર વાસનાનું સુખ ભોગવવા સિવાય કંઈ નથી તેમ છતાં આજે પણ દિલોજાન પ્રેમ કરનારા પ્રેમીઓની કોઈ ઓટ નથી. લોકો કહે છે કે પહેલી નજરના પ્રેમને ક્યારેક અંધાપો વહેલો આવી જાય છે અને આ અંધાપો વધુ આકરો બની રહેતો હોય છે. જિલ્લામાં વેલેન્ટાઈન-ડેના એક દિવસ અગાઉ બજારોમાં કાર્ડ અને ગીફ્ટ ખરીદવા યુવાહૈયાઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

સાબરકાંઠા, અરવલ્લીના યુવાહૈયાઓ અને કોલેજીયનો વેલેન્ટાઈન-ડે ક્યારે આવે તેની ચાતક નજરે રાહ જોઈને બેઠા હતા અને આ દિવસની મિત્રો સાથે ઉજવણીના આગોતરા આયોજનો કરી લેવાયા હતા. ખાસ કરીને વેલેન્ટાઈન-ડેના દિવસે પ્રિયપાત્ર સાથે એકબીજામાં ઓતપ્રોત થઈ સ્વપ્નોનું વાવેતર કરી દેતા હોય છે. વેલેન્ટાઈન-ડેની ઉજવણીમાં જેમ જેમ સમય પસાર થતા ગયા તેમ તેમ સાચો પ્રેમ અદ્રશ્ય થઈ ગયો છે અને માત્ર છળકપટની અભિવ્યક્તિ તેમાં ઉમેરાઈ ગઈ છે. આજકાલ અન્ય ડે કરતાં વેલેન્ટાઈન-ડેની ઉજવણીએ સૌને ગાંડા કરી મૂક્યા છે. ખાસ કરીને યુવા હૈયાઓ વેલેન્ટાઈન-ડેની મિત્રો સાથે ઉજવણી કરવા માટે મા-બાપ આગળ આસાનીથી ખોટું બોલતાં પણ ખચકાતા નથી. વેલેન્ટાઈન-ડે એક પ્રેમીની યાદમાં ઉજવવામાં આવે છે પરંતુ આજે તો સાચા પ્રેમી પંખીડા શોધ્યા પણ જડતા નથી. ઠેર ઠેર વાસના ભૂખ્યા પ્રેમે કહેર વર્તાવ્યો છે ત્યારે આવા વેલેન્ટાઈન-ડેની ઉજવણી ક્યારેય સાર્થક લેખાશે..?? વેલેન્ટાઈન-ડે નિમિત્તે કવિ સુંદરમે પ્રેમ વિશેના કાવ્યમાં નોંધ્યું છે કે એને આંધળો કોને કહ્યો...આંખો તો એની એ જ છે...કોઈએ તમારી આંખમાં શું આંખ માંડી નથી..!! કહો તમારૂ દિલ શું કહે છે. પ્રેમ શબ્દ આમ તો અનેક સબંધોમાં મહત્વનો ભાગ ભજવે છે પરંતુ સફળ સંસારના સોપાનો સર કરવામાં બાહ્ય આકર્ષણના બદલે પરસ્પર સમજણ અને એડજસ્ટમેન્ટ વધુ નિમિત્ત બની જતું હોય છે.

**લગ્નને યાદગાર બનાવવા વેલેન્ટાઈન-ડેની પસંદગી**

બાયડ : જિલ્લામાં વેલેન્ટાઈન-ડેની પૂર્વ સંધ્યાએ પ્રેમી યુવા હૈયાઓમાં ભારે થનગનાટ અને રોમાંચ જોવા મળ્યા પછી વેલેન્ટાઈન-ડેના દિવસને જીવનમાં કાયમી યાદગાર બનાવવા માટે કેટલાક યુવક-યુવતીઓએ લગ્નના તાંતણે બંધાઈ જવા માટે ખાસ વેલેન્ટાઈન-ડેના દિવસને જ ખાસ પસંદ કર્યો છે જેમાં વેલેન્ટાઈન-ડે નિમિત્તે અનેક વિસ્તારોમાં નવયુગલો એકબીજાથી લગ્નના તાંતણે બંધાઈ જીવન કાયમને માટે પ્રેમમય બની રહે તેવો પ્રયાસ કર્યો હોવાથી વેલેન્ટાઈન-ડેની ઉજવણીમાં શરણાઈના સૂર પણ સાંભળવા મળે તો નવાઈ ન પામતા.

# ધનસુરા પ્રાથમિક શાળામાં માટીના ચકલી ઘર અને કુંડાનું વિતરણ

ધનસુરા, તા. ૧૨

ધનસુરા પ્રાથમિક શાળા નં-૧ માં જિ.પ્રા.શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ અને નાયબ જિ.પ્રા.શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ ની હાજરી માં વિજ્ઞાન શિક્ષક કલ્પેશભાઈ પ્રજાપતિ ધ્વારા ચાલતા પક્ષી બચાવો અભિયાન ને માટીના ચકલી ઘર અને કુંડા આપીને વેગવંતુ બનાવ્યું હતું.અને ૧૦૦ જેટલા માટીના ચકલી ઘર અને કુંડા નું વિતરણ કર્યું હતું.આવનાર સમય માં ઉનાળો શરુ થશે ત્યારે પક્ષી ના સંવર્ધન અને સુરક્ષા માટે ના કાર્ય ની જરુર છે એવામાં શ્રવણસુખ ધામ પુનાસણ તરફથી શાળા ને ફ્રી માં માટીના ચકલી ઘર અને કુંડા આપવામાં આવ્યા હતા.શાળા ના આચાર્ય પારૂલબેન તેમજ સ્ટાફે દરેક જગ્યાએ ચકલી ઘર લટકાવી પક્ષીઓ માટે ના આ સુંદર કાર્ય માં શરુઆત કરી હતી.



# ઉત્તર ગુજરાતમાં બટાકાનું વિક્રમી ઉત્પાદન : કોલ્ડ સ્ટોરેજમાં જગ્યા ખૂટે તેવી સ્થિતિ

**સાનુકુળ હવામાનથી બટાકાનું મબલખ ઉત્પાદન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

ઉત્તર ગુજરાતમાં ચોમાસા દરમિયાન એકંદરે સારો વરસાદ અને અનુકુળ હવામાનથી ખરીફ પાકનું મબલખ ઉત્પાદન થયા પછી હવે ચાલુ વર્ષે બટાકાનું વિક્રમી ઉત્પાદન થવાના સંજોગો વચ્ચે નવી આવકનો ધીમી ગતિએ પ્રારંભ થયો છે. બટાકાનું વાવેતર અધધ થયું હોવાથી મબલખ ઉત્પાદનની શક્યતા છે. ઉત્તર ગુજરાતમાં બટાકાનું વિક્રમજનક ઉત્પાદન થવાથી આગામી સમયમાં કોલ્ડ સ્ટોરેજમાં જગ્યા ખૂટી પડે તેવા અણસાર છે. કોલ્ડ સ્ટોરેજમાં ક્ષમતા કરતાં પણ વધુ બટાકાની આવક થવાની ધારણા છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ખેતરમાં તૈયાર થતા ધાન્ય પાકના યોગ્ય પોષણક્ષમ ભાવો મળતા ન હોવાથી ખેડૂતો પરંપરાગત ખેતીથી વિમુખ થઈ રહ્યા છે. જ્યારે શાકભાજીના પાકમાં રોકડાં નાણાં અને ભાવ સારા મળતા હોવાથી વધુ ને વધુ ખેડૂતો શાકભાજીની ખેતી કરતા થયા છે. તેમાંય શાકભાજીના રાજા ગણાતા બટાકાના વાવેતર માટે ઉત્તર ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. આ વર્ષે ચોમાસા દરમ્યાન પડેલા સારા વરસાદ અને અનુકુળ હવામાનને કારણે સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, પાટણ અને અરવલ્લી જિલ્લામાં શરૂઆતથી જ બટાકાના વાવેતર માટે અનુકુળ વાતાવરણ રહેતાં ખેડૂતોએ હરખાતા હૈયે ખેતરોમાં ઉચ્ચ ગુણવત્તાનું બટાકાનું બિયારણ ધરબી સમયસર સિંચાઈનાં પાણી તેમજ રાસાયણિક ખાતરથી પાકની માવજત કરતાં પાંચેય જિલ્લાઓમાં બટાકાનું વિક્રમજનક ઉત્પાદન થવાની ધારણા છે. ઉત્તર ગુજરાતમાં વિદાય લેતા શિયાળાની સીઝનમાં બટાકાની નવી આવકનો ધીમી ગતિએ આરંભ થયો છે. તે જોતાં આગામી સમયમાં કોલ્ડ સ્ટોરેજમાં બટાકા ભરવા માટે જગ્યા ખૂટી પડે તેવી સ્થિતિ છે. ઉત્તર ગુજરાતમાં આ વખતે કરોડથી પણ વધુ બોરીયો વિવિધ કોલ્ડ સ્ટોરેજમાં ભરાવવાનો અંદાજ સેવાઈ રહ્યો છે. દરમ્યાન કેટલાક કોલ્ડ સ્ટોરેજમાં તો નવા માલની આવકનો આરંભ શરૂ થયો છે. પરંતુ કેટલાંક વિસ્તારોમાં બટાકાના પાકમાં કૃમિનો રોગ દેખાતાં ખેડૂતોમાં ચિંતા જોવા મળી છે.

# વાત્રક હોસ્પિટલ સંપૂર્ણ કોરોના મુકત, હોસ્પિટલના તમામ વિભાગ દર્દીઓથી ધમધમતા થયા

**લાખો દર્દીઓ માટે વાત્રક હોસ્પિટલ આર્શિવાદ રૂપ બની છે**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકાના વાત્રક ની શ્રીમંત ફતેસિંહ રાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ માં ચાલતી કોવિડ હોસ્પિટલ,સરકારે ૩૧ જાન્યુઆરીથી બંધ કર્યા પછી વાત્રક હોસ્પિટલ સંપૂર્ણ કોરના મુકત જાહેર કરાતાં હોસ્પિટલમાં અન્ય તમામ વિભાગ ધમધમતા થયા છે. જેના કારણે સ્ત્રી, બાળ, હૃદય , હાડકા,કિડની,ચામડીના રોગ સહિતના નિષ્ણાંત તબિબોની સેવાથી હોસ્પિટલ ફરીથી ધમધમતી થઈ છે. વાત્રક હોસ્પિટલમાં ૧ ફેબ્રુઆરીથી અન્ય તમામ વિભાગના દર્દીઓને સારવાર આપવામાં શરૂ કરવામાં આવ્યું છે. જેથી દર્દીઓ તેનો લાભ લેવા હોસ્પિટલના ચેરમેન કોદરભાઈ પટેલ, માનદમંત્રી કનુભાઈ એમ. શાહે અપીલ કરી છે.

વધતી મોંઘવારીમાં તબીબી સેવા ને પણ મોંઘવારીનું ગ્રહણ લાગ્યુ છે. ત્યારે વાત્રક હોસ્પિટલ સાબરકાંઠા-અરવલ્લી, ખેડા, મહિસાગર, પંચમહાલ અને રાજસ્થાનના દર્દીઓ માટે સસ્તા દરે સારવાર લેવા માટે આર્શીવાદ રૂપ હોસ્પિટલ બની છે. પરંતુ કોરોનું ગ્રહણ લાગતાં વાત્રક હોસ્પિટલમાં ૩૦૦ બેડની કોવિડ હોસ્પિટલ સરકાર અને આરોગ્ય વિભાગ ધ્વારા શરૂ કરવામાં આવી જેના કારણે અન્ય રોગની સારવાર બંધ કરવાની ફરજ પડી હતી નવા વર્ષના આરંભ સાથે કોરોના નું સંક્રમણ ઘટતાં સરકારે એમ.ઓ.યુ.થી શરૂ કરેલે કોવિડ હોસ્પિટલ ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ થી બંધ કરવામાં આવી તે સમય દરમ્યાન હોસ્પિટલમાં કોરોના ગ્રસ્ત દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવી. વાત્રક હોસ્પિટલના ડૉ. મેહુલશાહ અને તેમની સંવેદનશીલ ડોકટરો અને તેમની ટીમની સારી કામગીરીન રાજય સરકાર અને આરોગ્ય વિભાગની નોંધ લીધી હતી. કોરોના ડર એટલી હદે હાવી હતો કે અન્ય દર્દીઓ સારવાર લેવા આવવાનું ટાળતા હતા. પરંતુ હવે વાત્રક હોસ્પિટલ સંપુર્ણ કોરોના મુકત જાહેર કરવામાં આવી છે. જેથી હોસ્પિટલમાં જનરલ તપાસ ઉપરાંત અન્ય રોગની નિષ્ણાંત ડોકટરો ધ્વારા તપાસ અને નિદાન અને સારવાર ખુબજ ઓછા દરે કરવામાં આવે છે. તેમજ ૩૧૨ બેડની વાત્રક હોસ્પિટલમાં દાખલ થયે જનરલ વોર્ડના દર્દીઓના રાહત દરે સારવાર અને ભોજનની સુવિધા ઉપલબ્ધ કરી છે. જેથી વાત્રક હોસ્પિટલમાં કાર્યરત થયેલ સેવાનો દર્દીઓ લાભ લે તેવી વાત્રક હોસ્પિટલ ધ્વારા અપિલ કરવામાં આવી છે.



# ધનસુરા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ધનસુરા, તા. ૧૨

ધનસુરા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત ના ભાજપ ના ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી હોઈ ધનસુરા જિલ્લા પંચાયત ના ઉમેદવાર હિરેન પટેલ તેમજ ધનસુરા તાલુકા પંચાયત-૧ ના ઉમેદવાર રૂપલબેન બ્રહ્મભટ્ટ,ધનસુરા તાલુકા પંચાયત-૨ ના ઉમેદવાર પુષ્પાબેન રાઠવા એ ટેકેદારો સાથે ફોર્મ ભર્યા હતા ભાજપ ના ઉમેદવારો એ ધનસુરા ભાજપ કાર્યાલય થી તાલુકા પંચાયત અને મામલતદાર ખાતે ફોર્મ ભર્યા હતા.પક્ષ ના મેન્ડેડ મળતા ભાજપના ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા ચૂંટણી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૩-૦૨-૨૦૨૧ હોઈ ટેકેદારો સાથે ફોર્મ ભર્યા હતા.



# અરવલ્લીમાં મહિલા સહિત બે બુટલેગરને પાસા હેઠળ લાજપોર જેલમાં ધકેલાયા

**અન્ય બુટલેગરોમાં ફફડાટ**

બાયડ, ભિલોડા (બ્યુરો ઓફિસ)તા.૧૨

સ્થાનિક સ્વરાજ્યના ચુંટણી જંગમાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા પોલિસે બુટલેગરો-સપ્લાયરો સામે સકંજો વધુ મજબૂત બનાવ્યો છે. ભિલોડા તાલુકાના ભાણમેરની મહિલા બુટલેગર કૈલાસ મહેશભાઈ સુકાભાઈ કલાસવા અને ભિલોડા રીંટોડાનો બુટલેગર રમેશ ગોબરભાઈ





વણજારાને અરવલ્લી પોલિસે પાસા હેઠળ સુરતની લાજપોર જેલમાં ધકેલતાં અન્ય બુટલેગરોમાં ફફડાટ વ્યાપ્યો છે.

અરવલ્લી જિલ્લામાં વકરી રહેલી દારૂની બદીએ પોલિસની ઉંઘ હરામ કરી છે ખુદ પોલિસ બુટલેગરો સાથે ભળ્યાના આક્ષેપ જગજાહેર છે ત્યારે નવનિયુક્ત પોલિસ વડા સંજય ખરાતએ છબી ખરડાયેલી હતી તેવા પોલિસકર્મીઓ સામે પગલાં ભરી પ્રજાને પોલિસ ઉપર ભરોસો બેસે તેવી કામગીરી કરી છે. ભિલોડા તાલુકાના ભાણમેરની મહિલા બુટલેગર તેમજ રીંટોડાના બુટલેગર સામે નોંધાયેલા ગુન્હાની ગંભીરતા જોઈ જિલ્લા પોલિસ વડાએ પાસા દરખાસ્ત જિલ્લા કલેક્ટરને મોલવામાં આવી હતી જે મંજુર થતાં મહિલા બુટલેગરને પાસા હેઠળ જેલમાં મોકલવાનો આદેશ થયો હતો. એલ.સી.બી.આઈ. આર.કે. પરમાર તથા સ્ટાફે મહિલા બુટલેગરને અટકાયત કરી લાજપોર જેલમાં મોકલી આપી છે.

## સંક્ષિપ્ત સમાચાર...

### રાજપુર કેળવણી મંડળનું ગૌરવ

બાયડ :રાજપુર કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.એન.પટેલ એમ.એડ્.કોલેજ વિજયનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ઈલિયાસ એમ.મેમણએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના શિક્ષણશાસ્ત્ર વિભાગમાં ડૉ.વાય.કે.બારોટના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજીની સર્જનાત્મકતા પર થતી અસરોના અભ્યાસ મહાશોધ નિબંધ પર સંશોધન રજુ કર્યું હતું જેને ડૉક્ટર ઓફ ફિલોસોફીની પદવી એનાયત કરી રાજપુર કેળવણી મંડળનું ગૌરવ વધારતા મંડળ તથા તમામ સ્ટાફે અભિનંદન પાઠવ્યા છે.



● ● ● ● ● ● ●

રાજપુર કેળવણી મંડળ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન વિજયનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.મુકેશ એમ.ચાવડાએ જે.જે.ટી. યુનિ. જૂજનુ, રાજસથાનના શિક્ષણશાસ્ત્ર વિભાગમાં ડૉ.એચ.એલ.પટેલના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ માધ્યમિક સ્તર કે વિદ્યાર્થીયો મે જીવન કૌશલ કા એક વિશ્લેષણાતમક અધ્યયનપર મહાશોધ નિબંધ પર સંશોધન રજુ કર્યું હતું જેને ડૉક્ટર ઓફ ફિલોસોફીની પદવી એનાયત કરી રાજપુર કેળવણી મંડળનું ગૌરવ વધારતા મંડળ તથા તમામ સ્ટાફે અભિનંદન પાઠવ્યા છે.



# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝનમાં ચર્મરોગ વકર્યો

**ખસ અને દાદરથી હજારો લોકો પરેશાન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝનમાં વિષમ હવામાનને કારણે જનઆરોગ્ય જોખમમાં મૂકાતાં ખાનગી તેમજ સરકારી દવાખાનાં દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. શિયાળાની સીઝનમાં ચર્મરોગ વકરતાં હજારો લોકો ખસ અને દાદરના રોગથી પરેશાન બની રહ્યા છે. જિલ્લામાં ચર્મરોગ વકરતાં નાના બાળકો તેમજ મહિલાઓના શરીર ઉપર લાલ ચકામા થવાની સાથે ખંજવાળ ઉપડતાં ચર્મરોગથી પીડીત લોકોની હાલત અત્યંત કફોડી બની જતાં ખાનગી ચામડીના નિષ્ણાતોને ત્યાં સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

જિલ્લામાં શિયાળો શરૂ થયો ત્યાંથી શેરીઓમાં રખડતાં કૂતરાં એક પછી એક ખસના રોગની ઝપટમાં આવી ગયા પછી હવે ત્યાં કાળામાથાના માનવીમાં પણ ખસનાં લક્ષણો જોવા મળી રહ્યાં છે. શિયાળાની ઠંડી મોસમમાં ચામડીના રોગને પ્રસરવાની પૂરતી તક મળતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નાના બાળકોથી માંડી મોટેરાઓ પણ ખસ તેમજ દાદરના રોગથી પીડાઈ રહ્યા છે. શિયાળાની સીઝનમાં એકાએક ચર્મરોગ હાવિ થઈ જતાં દર્દીઓ ભારે પરેશાન બની રહ્યા છે. સ્થાનિક સરકારી દવાખાનાઓમાં પણ ચર્મરોગીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને દાદરથી દર્દીઓ બેહાલ બની ગયા છે. જિલ્લામાં વિષમ હવામાને વાયરલ બિમારીઓને નિમંત્રણ આપ્યું છે ત્યાં છેલ્લા કેટલાક સમયથી ચામડીના રોગમાં વધારો થતાં ખાનગી ચામડીના નિષ્ણાતોને ત્યાં દર્દીઓની સંખ્યામાં રોગ વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં વિષમ હવામાન અથવા તો પીવાના પાણીમાં અશુદ્ધિઓના કારણે ચામડીના રોગમાં વધારો થયાની આશંકા વ્યક્ત થઈ રહી છે. જિલ્લામાં ચામડીના રોગથી પીડીત દર્દીઓ છેલ્લા ૧૫ દિવસથી સારવાર લેતા હોવા છતાં રોગથી કોઈ છૂટકારો મળ્યો નથી જેથી ન છૂટકે ખાનગી હોસ્પિટલોમાં મોંઘી સારવાર લેવાની ફરજ પડી રહી છે. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ધીરે ધીરે ચર્મરોગે પંજો પ્રસરાવતાં હજારો લોકો ચામડીના રોગથી પીડાવા લાગ્યા છે. સરકારી દવાખાનાઓમાં તાત્કાલિક ધોરણે નિષ્ણાત ચામડીના તબીબોની સેવાઓ શરૂ નહીં કરાય તો આગામી દિવસોમાં વધુ લોકો ચર્મરોગનો ભોગ બને તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે.

## જન્મદિને વધામણી



તેજસ વિજયકુમાર શાહ
કુડાસણ (ગાંધીનગર)

## અવસાન નોંધ..



મોડાસા તાલુકાના સાકરીયા ગામના (હાલ રહે. મોડાસા) પ્રબોધભાઈ પટેલ(શિવશક્તિ સીડ્સ, એજન્સી, મોડાસા)અને મહેન્દ્રભાઈ પટેલના પિતા મગનભાઈ વણારસીભાઈ પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૫ ફેબ્રુઆરી, સોમવારે સવારે ૧૧ થી ૨-૦૦ અમારા નિવાસ સ્થાન ૪૩, જીવનજ્યોત સોસાયટી, મેઘરજ રોડ, મોડાસા ખાતે રાખેલ છે.